| | |
|---|---|
| PUBLICATION NAME : | Gujarat Samachar (Plus) |
| EDITION : | Ahmedabad |
| DATE : | 05/09/2023 |
| PAGE : | 1 |

### રાષ્ટ્રપતિ અને મહાનુભાવોના હસ્તે અમદાવાદના શિક્ષકોનું સન્માન કરાશે

# એ ગુરુજનોને વંદન, જેમણે શિક્ષણને પેશન બનાવી, વિદ્યાર્થીઓના સાચા માર્ગદર્શક બન્યા

'શિક્ષક કભી સાધારણ નહીં હોતા પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈં' તે ઉક્તિ ખૂબ પ્રચલિત છે. શિક્ષણ થકી વિદ્યાર્થીઓ પોતાના મનગમતા કાર્યક્ષેત્રમાં પ્રગતિ કરીને સમાજનું ઋણ ચૂકવતા હોય છે. આજે શિક્ષક દિન છે ત્યારે તાલુકા, જિલ્લા અને રાષ્ટ્રીય લેવલે સમાજના માર્ગદર્શક બનેલા શિક્ષકો કે જેમણે આગવી શૈલીમાં શિક્ષણ આપી વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે તેમનું આજે ભારતના રાષ્ટ્રપતિ અને મહાનુભાવો દ્વારા સન્માન કરાશે.

## શિક્ષક તરીકેની મારા જીવનની સૌથી મોટી સિદ્ધિ છે



નેશનલ શિક્ષક એવોર્ડમાં આ વર્ષે જ એચઇઆઇએસ એન્ડ પોલિટેકનિક એવોર્ડ માટે મારી પસંદગી થઇ છે જેનાથી ઘણો ખુશ છું. એન્ટરપ્રિન્યોર એજ્યુકેશન ક્ષેત્રમાં ઉદ્યોગ સાહસિક તથા વિકસિત ઉદ્યોગ સાહસિકોને શિક્ષણવિદ્ તરીકે સેવા આપી રહ્યો છું. આ પહેલીવાર બન્યું છે જેમાં આ વર્ષથી એચઇઆઇએસ એન્ડ પોલિટેકિનક એવોર્ડની શરૂઆત થઇ છે અને તેમાં મને એવોર્ડ મળવાનો છું જેને લીધે મને ઘણી ખુશી છે. શિક્ષક તરીકેની મારા જીવનની સૌથી મોટી સિદ્ધિ છે. મારા જીવન અમૂલ્ય સમયથી બીજા ઘણા ઉદ્યોગસાહસિકોને તૈયાર કરીને રોજગારી વધે તે દિશામાં કાર્ય કરીશ. **- ડૉ. સત્ય રંજન, ફેકલ્ટી, ઇડીઆઇઆઇ**

## પોલિટેકનિક કોલેજના મહિલા પ્રોફેસર તરીકે પ્રથમ વખત પસંદગી



નેશનલ શિક્ષક એવોર્ડમાં પ્રથમવાર પોલિટેકનિક કોલેજના મહિલા પ્રોફેસર તરીકે પસંદગી થઇ છે જે મારા માટે ગર્વની વાત છે. જ્યારે કોલેજ દ્વારા મારું નામ નોમિનેટ કરવામાં આવ્યું હતું. હું ૨૦૦૮થી પ્રોફેસર છું શરુઆતમાં વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજમાં હતી. મેં ૨૦૧૫માં જીપીએસસીની પરીક્ષા પાસ કરી અને ગવર્મેન્ટ પોલિટેકનિકમાં પ્રોફેસર તરીકે જોડાઇ હતી. હાલમાં હું ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટમાં વિદ્યાર્થીઓને ઓટોમેશન એન્ડ રોબોટિક્સ સબજેક્ટ વિદ્યાર્થીઓને શીખવું છું. આ માટે વિવિધ નિષ્ણાતો દ્વારા વર્ચ્યુઅલ ઇન્ટરવ્યુ કર્યા બાદ મારી પસંદગી થઇ હતી. આજે આપણે દરેક લોકો ટેકનોલોજીથી ઘેરાયેલા છીએ અને જ્યાં સુધી ટેકનોલોજીની જરૂર હશે ત્યાં સુધી એન્જિનિયરિંગની જરૂર રહેશે. **- પ્રો. ઝંખના મહેતા, ગવર્મેન્ટ પોલિટેકનિક કોલેજ**

## સુલેખનથી બાળકોને અક્ષરજ્ઞાન આપ્યું



હું રાણીપની એએમસી શાળામાં પાંચ વર્ષથી ફરજં બજાવું છું. શિક્ષણ કાર્યને ૧૩મા થયા છે. કોરોનામાં બાળકોને માતૃભાષા વિષયમાં લખવાની ઝડપ ઓછી થઇ ગઇ હતી ત્યારે બાળકોને શાળા કાર્ય પૂર્ણ કર્યા પછી બાળકોને સુલેખન કરાવીને અક્ષરજ્ઞાનમાં નિપુણ કરવાનું કામ કર્યું હતું. અમારી શાળાના વિસ્તારના બીજા બાળકોને પણ અભ્યાસ કરાવતો હતો. શાળાના બાળકો પર્યાવરણ જાગૃતિ અને જીવદયા કેળવાય તે માટે શાળામાં પક્ષીઓના માળા લગાવ્યા હતા. એએમસી સ્કૂલ સંચાલિત તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે મારી પસંદગી થઇ છે. **- રાકેશ ઉપાધ્યાય, રાણીપ શાળા નં- ૮, તાલુકા કક્ષા**

## ગણિત-વિજ્ઞાનનું પ્રવૃત્તિલક્ષી શિક્ષણથી કાર્યથી સન્માન મળ્યું છે



ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાનને રસપ્રદ તેમજ પ્રવૃત્તિલક્ષી શિક્ષણ આપી શકાય તેના પર ખાસ ભાર મૂક્યો હતો. શાળામાં વિજ્ઞાન મેળો, ઇનોવેશન ફેર સહિતનું આયોજન કરીને વિદ્યાર્થીઓને શીખવતી હતી. વિદ્યાર્થીઓને ભારરૂપ નહીં પણ સાંખ્યીક કાર્ડના ઉપયોગથી કરોડ સુધીની સંખ્યા, હાઉસીની રમતથી ગુણધર્મો, બેકી સંખ્યા, અવિભાજ્ય સંખ્યાને એકદમ સરળ રીતે શીખવતી હતી. પ્રવૃત્તિલક્ષી શિક્ષણને લઇને મને તાલુકા કક્ષાનો એવોર્ડ મળ્યો છે અને હવે જિલ્લા કક્ષામાં મારી પસંદગી થઇ છે જેનાથી મને ઘણી ખુશી છે. **-પૌલોમી મહેતા, શાહપુર-ગુ. શાળા-૧૫, જિલ્લા કક્ષા**

## શિક્ષણની સેવા કરવા માટે તલાટીની નોકરી છોડી દીધી



વિદ્યાર્થીઓને શાળાના કેમ્પસ કે પછી જે તે ઐતિહાસિક સ્થળની મુલાકાત લઇને સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન આપું છું. પ્રેક્ટિકલ નોલેજથી વ્યકિતના ઘડતરનો વિકાસ થાય છે જેથી મેં આ દિશામાં અભ્યાસ કરાવવાની શરુઆત કરી. સ્કૂલમાં શિક્ષણ દિન નિમિત્તે શિક્ષક બન્યો હતો ત્યારથી શિક્ષક બનવાનું મારું સ્વપ્ન હતું. અભ્યાસ કર્યા પછી તલાટી કમમંત્રીની પરીક્ષા આપી હતી જેમાં પાસ થઇ ગયો અને થોડો સમય જોબ પણ કરી હતી. વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ રહી શકે તે માટે શાળામાં સ્કાઉટ એક્ટિવિટીની તાલીમ આપું છું અને તેને લીધે ગુજરાતની ૩૩ શાળામાં અમારી શાળાનું નામ આવ્યું હતું. **- પ્રશાંત નૈનાણી, છારાનગર, ગુ. શા. ૧**